# ઇન્ટરવ્યુ સમયે રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ધ્યાનમાં રાખવાની વિગતો અને સાથે લાવવાના આધારો / દરસ્તાવેજો

## પ્રવેશ સમયે આવવા માટે સેકટર-૨૮/૨૯ વાયા અક્ષરધામ જતી બસમાં બેસી સેકટર-૧૯/૨૦ સરકારી કોમર્સ કોલેજના સ્ટેન્ડે ઉતરવું.

૧. મુલાકાત સમયે આવો ત્યારે નીચેના અસલ પ્રમાણપત્રો / આધારો સાથે લાવવાના રહેશે. અન્યથા પ્રવેશ માટે લાયક ઠરશો નહી.

૧.૧ કોલ લેટર (Call Letter )

૧.૨ પ્રવેશ અરજીપત્રક સ્વીકાર્યા બદલની તમોને આપવામાં આવેલ પહોંચ.

૧.૩ એસ.એસ.સી. (ધોરણ ૧૦) પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ

૧.૪ એચ.એસ.સી.(ધોરણ-૧૨) પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ (એક વધારાની ઝેરોક્ષ નકલસાથે)

૧.૫ શાળા છોડયાનુ પ્રમાણપત્ર (School Leaving Certificate ) (એક વધારાની ઝેરોક્ષ નકલ સાથે)૧.૬ ધોરણ-૧૨ પાસ કર્યા અંગેનું શાળાના આચાર્ય આપેલ ટ્રાયલ સર્ટીફીકેટ

૧.૭ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કર્યાનો સમયગાળો બે વર્ષ કરતા વધુ હોય તો તે દરમ્યાન અન્ય અભ્યાસ કરેલ હોય તો તે અંગેના પ્રમાણપત્રો

૧.૮ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) તથા વાલ્મિકી જાતિના અરજદારોએ અને બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો માટેના સંબંધિત ખાતાએ નિયત કરેલ નમૂનામાં ખાતા દ્વારા નિયુકત કરવામાં આવેલ નીચે જણાવેલ પૈકીના કોઇ પણ સક્ષમ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર

(૧) સમાજ કલ્યાણ અધિકારીશ્રી (૨) મામલતદારશ્રી (૩) પ્રાંત અધિકારીશ્રી (૪) કલેકટરશ્રી / નાયબ કલેકટરશ્રી (૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી (૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી

૨. મુલાકાત સમયે આવો ત્યારે કોઇ એક વાલીને સાથે લાવવાના રહેશે અને પ્રવેશ સ્થળે તમારે તેમને સાથે રાખીને દાખલ થવાનું રહેશે. સ્થળ પસંદગી માટેના વિકલ્પ ફોર્મ તમોને રૂબરૂ આપવામાં આવશે. આ ફોર્મ ભરતી વખતે એટલે કે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજની પસંદગી કરતી વખતે નીચેની કાળજી રાખીને આ ફોર્મ ભરવાનુ રહેશે.

3. 3.૧ પ્રવેશના નિયમો અને સૂચનાઓ તેમજ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજોની યાદી વેબ સાઇટ પર મુકેલ છે. તેમાંથી તમારે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજની પસંદગી કરવાની રહેશે. આ યાદીમાં સંજોગોવસાત સુધારા વધારા થશે, તે અંગેની માહિતી પ્રવેશ સ્થળે જાણી શકાશે.

3.૨ રાજયમાં સરકારી, ગ્રાન્ટેડ, તાલીમ ભવનો અને સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા કોલેજો છે જેની યાદી ઉપર જણાવ્યા પ્રમાણે જિલ્લાવાર આપવામાં આવી છે.

3.3 આ તમામ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજો ત્રણ પ્રકારની છે એટલે કે પુરૂષ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજ, સ્ત્રી પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજ અને મિશ્ર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજ ઉમેદવાર તરીકે તમો પુરૂષ છો કે સ્ત્રી તે ધ્યાને લઇ પસંદગી કરવી

૩.૪ પ્રવેશના સ્થળે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજોઅને તેમા કેટેગરી વાઇઝ કેટલી જગ્યાઓ ખાલી છે. તે એલ.સી.ડી.પ્રોજેકટર, સ્ક્રીન દ્વારા સતત દર્શાવવામાં આવે છે. તેના આધારે કઇ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજોમાં જગ્યા ખાલી છે તે જોઇને પસંદગીનું એક જુથ તમે વિચારી શકો.

૩.૫ આ સમયે સ્થળ ઉપરના અધિકારી, કર્મચારીને પણ રૂબરૂ પૂછીને માહિતી મેળવી શકાશે.

૩.૬ ઉપર પ્રમાણે ખુબ જ કાળજીપૂર્વક તમારી અનુકુળતા પ્રમાણે તમારા પ્રવોશના સમયે ઉપલબ્ધ ખાલી બેઠકોમાંથી તમોને આપવામાં આવેલ વિકલ્પ ફોર્મમાં પ્રવેશ માટેની કોલેજ પસંદ કરી લખવાની રહેશે.

૩.૭ તમારી પસંદગીની કોલેજમાં જગ્યાઓ ઉપલબ્ધ ન બને તો તુરત જ વિકલ્પ ફોર્મમા કોલેજ બદલી નવેસરથી કોલેજ પસંદ કરવાની રહેશે.

૩.૮ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજની યાદી સામે સંસ્થાનો પ્રવેશ કોડ જ છાપેલો છે. તે નંબર વિકલ્પ ફોર્મમાં લખવાનો રહેશે.

૪. સ્વનિર્ભર સંસ્થાઓ માટે મા.જસ્ટીસ (નિવૃત) આર.જે.શાહ સમિતિ દ્વારા નકકી કરેલ શિક્ષણ ફી રૂા.૨૦૦૦૦/-(વીસ હજાર) ફી તમોએ મેળવેલ સંસ્થામાં દિન-૪ માં ભરવાની રહેશે. સંસ્થામાં નિયત સમયમાં ફી જમા કરાવશે નહી તેનો પ્રવેશ આપો આપ રદ થશે.

૫. સરકારી તથા ગ્રાન્ટેડ સંસ્થામાં મહિલાઓ અને પુરૂષો માટે ( મહિલાઓ માટે રૂા.૧૦૦/- ) અને ( પુરૂષો માટે અંદાજે રૂા.૫૦૦/- ) જે તે સંસ્થામાં પ્રવેશ મેળવ્યા બાદ ભરવાની રહેશે. આ સંસ્થામાં પ્રવેશ મેળવ્યા બાદ સ્થળ પર કોઇ રકમ ભરવાની થતી નથી.

૬. પ્રવેશ નિયમો અને સૂચનાની પુસ્તિકામાં આપવામાં આવેલ પ્રવેશના નિયમો પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા પ્રવોશ નિયમ-૧૦ અંતર્ગતની સૂચનાઓ પરિશિષ્ટ-૨ સૂચના ૧૮ અંતર્ગત વર્તણુંક અને શિસ્ત પાલનના નિયમો અચૂક રીતે પાળવાના રહેશે.

૭. પ્રવેશ રદ કરવવા બાબત.

પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ નિયમો અને સૂચનાની પુસ્તિકામાં આપવામાં આવેલ નિયમ-૧૦ અંતર્ગત સૂચના નંબર-૨૫-ક પ્રમાણે ઉમેદવાર પ્રવેશ રદ કરાવી શકશે અને આ સૂચનામાં આપવામાં આવેલ બાબતો તેને બંધનકર્તા રહેશે.

૮. આપેલ તારીખ અને સમય મુજબ હાજર નહી રહેનારનો પ્રવેશ અંગેનો હકક રહેશે નહી.

૯. રૂબરૂ પ્રવેશના સમય કરતા અડધો કલાક વહેલા હાજર રહેવુ.

૧૦ રૂબરૂ પ્રવેશ માટે બોલાવેલા અરજદારને પ્રવેશની કોઇ ખાત્રી આપવામાં આવતી નથી. જો ખાલી જગ્યા હશે તો જ પ્રવેશ આપવામાં આવશે.

૧૧. સંસ્થામાં પ્રવેશ સમયે લાયકાત તથા જાતિ અંગેના તમામ અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે જે બીજા વર્ષે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં અભ્યાસક્રમ પૂર્ણ થયે પરત મળશે.

૧૨ ઉમેદવાર જે માધ્યમમાં પ્રવેશ મેળવવા માગતા હોય તેમણે તે જ માધ્યમમાં ધોરણ-૧૦ સુધી અભ્યાસ કરેલો હોવો જોઇએ.